ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 17th December, 2016

પ્રતિ,

તંત્રી શ્રી,

............................................................................, ભાવનગર.

ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી દ્વારા પુરસ્કૃત અને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આયોજિત

### ઊર્જા અને ઊર્જા સ્રોતોને બચવાના સંદેશ સાથે ઊર્જા સંરક્ષણ રેલી યોજાઈ

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર જીલ્લાભરમાં વિજ્ઞાનને ઘર ઘર સુધી પહોંચાડવાના ઉમદા હેતુ સાથે છેલ્લા ૧૪ વર્ષથી પ્રયત્નશીલ રહ્યુ છે.

આવાજ એક ઉમદા અને મહત્વપૂર્ણ સંદેશાને લોક ભોગ્ય બનવા ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગરના સહયોગથી ઊર્જા બચત અને ઊર્જાના સંવર્ધન હેતુથી બાળ ઊર્જા રક્ષક દળ ૨૦૧૬-૧૭ કાર્યક્રમ હેતુ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા આજની નવી પેઢી વિદ્યાર્થીકાળ દરમ્યાન જ ઊર્જા અને ઊર્જાના સ્રોતોને સમજી તેનો વિવેકપૂર્વક ઉપયોગ કરતાની સાથે ભવિષ્યમાં આવનારા ઊર્જા કટોકટીના સમયનો સામનો કરવા માટે પુનઃ પ્રાપ્ય ઊર્જાના વિવિધ સ્રોતોનો ઉપયોગ કરતા થાય તે હેતુથી ભાવનગર શહેરમાં પ્રથમ ચિત્ર સ્પર્ધા અને ત્યરબાદ ઊર્જા સંરક્ષણ રેલીનું આયોજન કરવામાં આવેલ.

બાળ ઊર્જા રક્ષક દળ ૨૦૧૬-૧૭ કાર્યક્રમ અંતર્ગત ઊર્જા બચતના સંદેશાને લોકો સુધી ગુંજતો કરવા અને ઊર્જા બચત માટે પ્રેરિત કરવાના આશયથી ઊર્જા સંરક્ષણ દિન તા.૧૪મી ડીસેમ્બર, ૨૦૧૬ બુધવારના દિવસે શ્રી વિશુદ્ધાનંદ વિદ્યા મંદિર ખાતેથી સવારે ૭:૩૦ કલાક થી ૧૧:૦૦ દરમ્યાન ભાવનગર મધ્યે આવેલા વિદ્યાનગરના વિવિધ વિસ્તારમાં પસાર થઇ હતી.

આ ઊર્જા સંરક્ષણ રેલીના પ્રસ્થાન સમારોહમાં શ્રી એ. જી. તન્નારાણા (ચીફ એન્જીનીયર, પી.જી.વી.સી.એલ., ભાવનગર ઝોન), ડૉ. સી. બી. ત્રિપાઠી (ડીન, સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર), શ્રી લાલજીભાઈ ધંધાલ્યા (આચાર્ય, શ્રી વિશુદ્ધાનંદ વિદ્યા મંદિર) અને ડૉ. ભાવેશભાઈ ભરાડ (ચેરમેન, કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર) મહેમાનો ઉપસ્થિત રહી પોતાના ઊર્જા સબંધિત વક્તવ્યો આપી આ રેલીને જંડી દેખાડી પ્રસ્થાન કરાવેલ.

આ ઊર્જા સંરક્ષણ રેલીમાં ભાવનગર શહેર તથા તાલુકાની ૭૪ પ્રાથમિક શાળાઓના ૧૭૦૦થી વધારે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને નગરજનો જોડાયા હતા. જે બાબતો કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન ડૉ. ભાવેશભાઈ ભરાડની યાદીમાં જણાવેલ છે.

(હર્ષદ જોષી) 17/12/16

ઓફીસ ઇન્ચાર્જ,

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,

ભાવનગર.